**<u>મે.વલસાડ ખાતેનાં મજુર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી ડી.વી.પંડયા સાહેબ સમક્ષ, મુ.વલસાડ.</u>**

**<u>રેફરન્સ (એલ.સી.વી.) નં.૨૧/૨૦૨૨.</u>**

**<u>આંક : ૯</u>**

**<u>પ્રથમ પક્ષકાર :–</u>**

(૧)મેનેજર/ડાયરેકટર,
હોસ્ટ ઈન્ટરનેશનલ પ્રા.લી.,
(ઈલેકટ્રો પ્લેટીંગ ડીવીઝન)
પ્લોટ નં. સી–૧/૩૮,૧૦૦ શેડ એરિયા,
જી.આઈ.ડી.સી., વાપી, તા. વાપી, જી. વલસાડ.

(૨) શ્રીમેનેજર/ડાયરેકટર,
હોસ્ટ ઈન્ટરનેશનલ પ્રા.લી.,
પ્લોટ નં. ૨૨, સર્વે નં. ૨૬૦,
શીરતલ ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ,
દેમની રોડ, સેલવાસા–૩૯૬૨૩૦

(૩) શ્રીમેનેજર/ડાયરેકટર,
હોસ્ટ ઈન્ટરનેશનલ પ્રા.લી.,
એ/૨૦૧–૨૦૨, શ્રીનાથ પ્લાઝા, ‘ એ વિંગ’
એલ.ટી.રોડ, મુલુંડ (ઈસ્ટ),
મુંબઈ–૪૦૦૦૮૧.

<u>: વિરૂધ્ધ :</u>

**<u>બીજા પક્ષકાર :</u>**

રીંકુકુમારી ધરમવીર ચૌહાણ
મુ.પો. ડુંગરી ફળિયા, નરેશભાઈ બિલ્ડીગ,
રૂમ નં. ૯, મહાવીર નગર, ૧૦૦ શેડ એરીયા,
માઝદા કલર કંપની ગલી,
ડુંગરી ફળિયા, તા. વાપી, જી. વલસાડ.

.......................................................................................................................

**પ્રતિનિધિશ્રી**

(૧) **પ્રથમ પક્ષકાર ૧ થી ૩ તરફે :–** ગેરહાજર.

(૨) **બીજા પક્ષકાર તરફે :–** ગેરહાજર.

.......................................................................................................................

**–: એ વો ર્ડ :–**

(૧) ઉપરોકત રેફરન્સ ઉપરોકત પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ વિવાદનાં ન્યાય–નિર્ણય અર્થે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, વલસાડે તેમનાં પત્ર ક્માંકઃ કે.એચ.એસ.એસ.એમ.સીઃ/૨૩૬૩/એ.જે. / આઈ.ડી.આર./૧૪/૨૦૨૨, તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજ મજુર અદાલત, વલસાડને ન્યાય– નિર્ણય અર્થે રીંકુકુમારી ધરમવીર ચૌહાણ ને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોનાં પગાર સહીત નોકરીમાં સાતત્ય સાથે પુનઃ સ્થાપિત કરવા કે કેમ? તે માટે રીફર કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં પ્રથમ પક્ષકારને "સંસ્થા" તેમજ બીજા પક્ષકારને "શ્રમયોગી" તરીકે હવે પછી સરળતા ખાતર સંબોધવામાં આવશે.

(૩) આ કામના પક્ષકારોને આંક–૨ થી નોટીસ કાઢવામાં આવેલ છે.આંક–૩ થી પ્ર.પક્ષકાર નં.૧ નું નોટીશનું લેફટના શેરા સાથેનું પરત કવરની ઝેરોક્ષની ખરી નકલ છે. આંક–૪ થી પ્ર થમ પક્ષકાર નં. ૨ ને નોટીશ બજયાની પોષ્ટખાતાની આર.પી.એ.ડી.સ્લીપ ની ઝેરોક્ષની ખરી નકલ છે. આંક–૫ થી પ્રથમ પક્ષકાર નં. ૩ ને નોટીશ બજયાની પોષ્ટખાતાની આર.પી.એ.ડી.સ્લીપની ઝેરોક્ષની ખરી નકલ છે. નામદાર કોર્ટ ધ્વારા આંક–૬ થી પ્રથમ પક્ષકાર નં. ૧ તથા બીજા પક્ષકારને ઈન્ટીમેશન નોટીસ કાઢવામાં આવેલ છે. પરંતુ તેમનું આં ક–૭ થી પરત કવરની ઝેરોક્ષની ખરી નકલ છે. આંક–૮ થી બીજા પક્ષકારને કાઢવામાં આવેલ ઈન્ટીમેશન નોટીસનું પરત કવર છે. પક્ષકારો ઘણા લાંબા સમયથી હાજર રહેતા ન હોય, તેમજ આ કામના બીજા પક્ષકાર તરફે પોતાનું માંગણાનું નિવેદન રજુ કરવા પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં પોતાનું માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. જેથી બંને પક્ષકારો તરફેના તમામ સ્ટેજો બંધ કરી સદર કામ હુકમ પર લેવામાં આવેલ છે આ સંજોગોમાં બીજા પક્ષકાર શ્રમયોગી તેઓની મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડ ખાતે કરેલ ફરીયાદમાં જણાવેલ હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય જેથી તેમનો સદર રેફરન્સ મંજુર કરવો મને ન્યાયી અને વ્યાજબી જણાતો નથી. જેથી આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. બીજા પક્ષકાર શ્રમયોગીનો રેફરન્સ(એલ.સી.વી) નં.૨૧/૨૦૨૨ નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તા.૨૨/૧૦/૨૦૨૪
સ્થળઃ વલસાડ.

(દિવ્યકાંત પંડયા)
**GJ01745**
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત, વલસાડ